# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ

### પ્રશ્નપત્ર-૧

**સમય : સવારે ૯ થી ૧૨** **રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮** **કુલ ગુણ : ૧૦૦**

**અભ્યાસક્રમના વચનામૃત :- કારિયાણી: ૧૦, ૧૧, ૧૨ ગઢડા મધ્ય પ્રકરણ: ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩**

**(વિભાગ : ૧ 'વચનામૃત' નવમી આવૃત્તિને આધારે)**

**પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ <u>ત્રણ</u> સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

☞ **નોંધ : ઉપરના જવાબોની સમજૂતિ માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | |
|---|---|
| ૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો | ૧ ગુણ |
| ૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |

**૧. ઘી- ઔષધનું દૃષ્ટાંત અને સિદ્ધાંત (મ. ૧૧)**

જ. હે સુવ્રત ! જેમ જે ઘૃતાદિ વસ્તુ અતિ ભક્ષણ કરવાથી મનુષ્યોને જે રોગ થાય છે તે પદાર્થ તે રોગને નિવૃત્ત કરતું નથી. ઊલટું રોગને વૃદ્ધિ પમાડે છે, તેના તે ઘૃતાદિ દ્રવ્યમાં તામ્રભસ્માદિ મિશ્રિત કરેલું હોય તો તે રોગને સમગ્રપણે નિવૃત્ત કરનારું થાય છે. તેમ મનુષ્યોની સર્વ ક્રિયાઓ (વ્રત, યજ્ઞ, દાનાદિક) તેના ફળભોગને અંતે સંસૃતિનાં કારણ છે; પરંતુ તેના તે ક્રિયાયોગો પરમેશ્વરમાં ભક્તિરૂપે કલ્પ્યા હોય તો અનાદિ અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક મોક્ષને માટે કલ્પાય છે.

**૨. સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડાદેશકાળાદિકને વિષે રહે છે. (મ. ૫૧)**

જ. જે પરમેશ્વરના કહેલ જે ધર્મ તે પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય ને તેથી ઓછું અધિકું કરવા જાય તે કરનારો જરૂર દુઃખી થાય. માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે.

**૩. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે. (મ. ૫૯)**

જ. 'ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે.' અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે. અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું; જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.

**૪. શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને કોઈ સમર્થ નથી. (કા. ૧૦)**

જ. જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તોપણ શ્રીપુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી.

**૫. જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય - આ દૃષ્ટાંતનો વિસ્તાર કરી સિદ્ધાંત લખો. (મ. ૨૨)**

જ. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે. ભગવાનને પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય સામર્થીને પામે છે.

**પ્ર.૨ નીચેના અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**નોંધ : (૧) અવતરણનો ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપા દૃષ્ટિએ જુએ જે, 'આ બિચારો વૈરાગ્યહીન છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકારો

ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. **(ગ.મ. ૭)** (૯)

૨. તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે, ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. અને એ ભક્તના હૃદયમાંથી આંખ્યનું મટકું ભરીએ એટલી વાર પણ છેટે રહેતા નથી. **(કારિ. ૧૧)** (૫)

૩. અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તો પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને તો નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. **(ગ.મ. ૩૩)** (૨૩)

૪. જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. **(કારિ. ૧૨)** (૬)

૫. ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. **(ગ.મ. ૬૩)** (૩૪)

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**નોંધ : (૧) અવતરણનો ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. મનની સ્થિરતા :**

૧. **(કારિ. ૧૨)** અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી. (૭)

૨. **(ગ.મ. ૧૨)** રાજનીતિ એમ ભણવી જે, પ્રથમ તો ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે જાણવું. પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરવું ને ભગવાનની કથા સાંભળીને શ્રોત્રને વશ કરવા. (ગ્રંથમાંથી)

૩. **(ગ.મ. ૫૫)** અને ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે, અને વાણી તે ભગવાનના યશને જ ગાય, અને હાથ તે ભગવાનના ભક્તની સેવા - પરિચર્યાને જ કરે, અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે. (૨૮)

**૨. શ્રીજીમહારાજની સ્વભાવિક પ્રકૃતિ :**

૧. **(ગ.મ. ૨૮)** અને અમારી પ્રકૃતિ એમ છે જે, થોડીક વાતમાં કુરાજી પણ ન થાઉં અને થોડીક વાતમાં રાજી પણ ન થાઉં. અને જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું, ત્યારે રાજીપો કે કુરાજીપો થાય છે. પણ કોઈના કહ્યા સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થતો નથી. (૨૧)

૨. **(ગ.મ. ૨૮)** જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું. અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું. એ જ મારે વિષે મોટો ગુણ છે. અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહીં. (૨૨)

૩. **(ગ.મ. ૩૩)**અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તો પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને તો નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. (૨૩)

૪. **(કારિ. ૧૦)** અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ. (૩)

૫. **(ગ.મ. ૫૫)**અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે અને જેટલું માયિક પદાર્થમાત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે.

**(વિભાગ:૨ 'સ્વામીની વાતો' ના આધારે)**

**અભ્યાસક્રમની વાતો : પ્રકરણ : ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨**

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ? (૩/૩૪)

જ. સત્પુરુષને નિર્દોષ, સર્વજ્ઞ જાણે ને કોઈ પણ પ્રકારનો અંતરાય ન રાખે.

૨. કોની ઉપર શ્રીજીમહારાજ રાજી, રાજી ને રાજી જ છે ? (૩/૩૮)

જ. ભગવાન અને સંતના સ્વરૂપને નિર્દોષ સમજે, ભગવાનની આજ્ઞા પાળે અને રૂડા સાધુનો સંગ રાખે તેની ઉપર શ્રીજીમહારાજ રાજી, રાજી ને રાજી જ છે.

૩. મનુષ્યભાવ આવવાનાં કયા ચાર કારણો છે ? (૩/૩૬)

જ. મનુષ્યભાવ આવવાનાં ચાર કારણો લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત છે.

૪. મહારાજ કારણ શરીર ટાળવા માટે અક્ષરધામમાંથી શું લઈને પધાર્યાં છે ? (૩/૫૫)

જ. મહારાજ કારણ શરીર ટાળવા માટે અક્ષરધામમાંથી સાધુ ને નિયમ લઈને પધાર્યાં છે.

૫. ખીજડા જેવા કોણ છે ? (૩/૬૮)

જ. આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવા છે.

☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને વાતો નંબર આપેલ છે.**

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. મને કરીને તો મોટા સાધુને વિષે **નાસ્તિકપણું** આવવા દેવું નહિ. (૩/૬૦)

૨. હું અક્ષરધામમાંથી આવ્યો છું ને **સુગાળવો** છું. (૩/૪૭)

૩. સાંખ્યવાળો હોય કે **યોગવાળો** હોય તેને પણ સ્ત્રીરૂપી પાણીની ભમરી બુડાડી દે છે. (૩/૫૧)

૪. જે **જ્ઞાની** છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ નજરમાં આવતું નથી. (૩/૪૪)

૫. જ્યાં સુધી **સત્પુરુષ**માં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે. (૩/૬૫)

**પ્ર.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષે વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. શ્રીજીમહારાજનું પ્રગટપણું (૩/૫૩, ૩/૭૦)**

૧. આ સોરઠ દેશના હરિજન પર મહારાજને બહુ હેત, તેને પોતાનું સુખ દેવા સારુ મહારાજને મુને રાખ્યો છે. (૩/૫૩)

૨. મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું જે, ઐસે મેરે જન એકાંતિક તેહિ સમ ઓર ન કોઈ;
મુક્તાનંદ કહત યું મોહન મેરો હિ સર્વસ્વ સોઈ.

એવા સાધુ મળ્યા છે, ત્યારે શી વાતની કમી રહી ? તે ઉપર સવૈયો બોલ્યા જે,

સાચે સંત મિલે કમી કાહુ રહી, સાચી શીખવે રામકી રીતકું જી
પરાપર સોઈ પરબ્રહ્મ હે, તામેં ઠેરાવે જીવ કે ચિત્તકું જી
દૃઢ આસન સાધકે ધ્યાન ધરે, કરે જ્ઞાન હરિ ગુનગીતકું જી
બ્રહ્માનંદ કહે દાતા રામહુકે પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી.

ભગવાન એવા સાધુમાં રહીને પોતાનું દર્શન દે છે, વાતું કરે છે, મળે છે ને દૃષ્ટિ માંડીને જુવે છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે. (૩/૫૩)

૩. ત્યારે સ્વામી બોલ્યા જે, 'આપણે ક્યાં પરોક્ષ છે? આપણે તો પ્રત્યક્ષ છે; તે દર્શન દે છે, વાતું કરે છે, એવી રીતે બહુ સુખ આપે છે; પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહિ, એ સિદ્ધાંત વાત છે. (૩/૭૦)

**૨. વાતો કરવી શ્રેષ્ઠ છે. (૩/૫૬)**

એક દિવસ મહારાજે મુને પૂર્વાશ્રમમાં હતો ત્યાં આવીને કહ્યું જે, 'શું કરો છો ને શું કરવા આવ્યા છીએ ? ને બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે !' એમ કહીને દેખાણા નહિ. તે દિવસથી જીવનું કલ્યાણ થાય તેમ જ કરીએ છીએ. અને એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પૂછાવ્યા, તેમાં એક તો ધ્યાન કરવું, બીજું આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી ને ચોથું ભગવાનની વાતું કરવી. એ ચારેમાં અધિક કોણ છે, તે કહો ? પછી મહારાજે કહ્યું જે, 'વાતું જ અધિક છે' તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પડતો નથી; જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.

**૩. સમજણ (૩/૬૪)**

અમારી સમજણ તો કોઈને કહેવાય નહિ, પણ આજ થોડુંક કહું, એમ કહીને બોલ્યા જે, 'કહ્યા વિના તો જ્ઞાન થાય નહિ ને જ્ઞાન થયા વિના મોહ પણ ટળે નહિ. અને જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય; તેમાં શેનો મોહ થાય ? તે એવું તો સર્વનિવાસાનંદસ્વામીને થઈ ગયું જે પ્રકૃતિપુરુષનું કાર્ય તેમાં વૃત્તિ રહી જ નહિ. તે એક દહાડો મારી પાસે કહ્યું જે, મહારાજની પૂજા-સેવા શા વતે

કરું ? ત્યારે મેં કહ્યું જે, મૂર્તિ સામું જોઈ રહો ! ત્યારે સર્વનિવાસાનંદસ્વામીએ કહ્યું જે, કરીએ છીએ તો એમ જ પણ જો આવી વાત કોઈકને કહીએ તો આ મારો ખાટલો લઈને ચરામાં નાખી આવે, એવું કઠણ પડે; પણ મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટાની સમજણ છે.

**(વિભાગ : ૩ 'ભગવાન સ્વામિનારાયણ' પાંચમી આવૃત્તિ, એપ્રિલ,૨૦૦૫)**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૩) આ નોંધ પ્રશ્ન-૭ અને પ્રશ્ન-૮ બંનેને સરખી જ લાગુ પડે છે.**

**પ્ર.૭ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**૧. જ્ઞાન અને ભક્તિના પાલક - બાળ ઘનશ્યામ**

**બાળ ઘનશ્યામનું જ્ઞાનઃ**

૧. અધ્યયનનો આરંભ - વિદ્યાગુરુ શ્રી હૃદયરામનો ઘનશ્યામ માટેનો અભિપ્રાય સત્ય ૧/૪૪,૪૫
૨. વિદ્યા વ્યાસંગી ઘનશ્યામ ૧/૭૫
૩. શાસ્ત્રોના સારરૂપ ગુટકો બનાવ્યો. ૧/૭૬,૭૭
૪. અયોધ્યાના છાત્રો પર ઘનશ્યામની છાપ. ૧/૭૭
૫. કાશીની વિદ્વત્‌સભામાં દિગ્વિજય. ૧/૭૯ થી ૮૨

**બાળ ઘનશ્યામની ભક્તિ :**

૧. ઘનશ્યામ ચાર વર્ષના હતા ત્યારથી દરરોજ હનુમાનગઢીએ દર્શને જતા. ૧/૪૨
૨. ઘનશ્યામ હનુમાનજી પાસે પોતાને એવી ભક્તિ સિદ્ધ થાય જેવી હનુમાનજીને રામ પ્રત્યે હતી. એવું માગતા. ૧/૪૨
૩. વહેલી સવારે સરયૂ સ્નાન કરી, દેવમંદિરોએ દર્શન કરતા. ૧/૪૫
૪. જમવાના સમયે ઠાકોરજી આગળ સર્વ સામગ્રીનું પોતે જ નૈવેદ્ય ધરતા અને થાળ બોલી ઠાકેરજીને જમાડતા - પછી થાળમાંની પ્રસાદી અલ્પ જેટલી જુદા પાત્રમાં લઇ, બધું મેળવી અંદર પાણી નાંખી ભગવાનની સ્તુતિ કરીને જમી લેતા. ૧/૪૫,૪૬
૫. સાંજે પણ સરયુ સ્નાન કરી બધા મંદિરોના દર્શન કરવા જતા. એક પગે ઊભા રહી સ્તુતિ કરતા - રાત્રે પણ ભગવત્‌સ્મરણ કરી સૂઈ જતા. ૧/૪૬
૬. સભામાં રામાયણની કથા સાંભળવા બેસતા - એક સાથે અનેક તીર્થોમાં ઘનશ્યામ. ૧/૪૭
૭. ઘનશ્યામ 'રામકૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ' અને 'રામ સીતા લછુમન જતિ' નો અખંડ જાપ કરતા. ૧/૫૫
૮. ઘનશ્યામે પર્ણકુટિમાં હરિદાસની રામકથા સાંભળી. ૧/૬૦
૯. હનુમાનગઢીમાં બાવા મોહનદાસને એકાદશીવ્રતનો મહિમા સમજાવ્યો. ૧/૬૫
૧૦. ઘનશ્યામે ગાયત્રીનો મંત્ર બોલાવ્યો. ૧/૭૩
૧૧. ઘનશ્યામે આઠ શાસ્ત્રોનો રહસ્યનો એક ગૂટકો બનાવ્યો. ૧/૭૬,૭૭
૧૨. ઘનશ્યામની રહસ્યમય વાતો સાંભળી અયોધ્યાના છાત્રોને વિશિષ્ટાદ્વૈત મત સત્ય લાગ્યો. ૧/૭૭
૧૩. કાશીમાં ગોમઠમાં વિદ્વતસભામાં ઘનશ્યામે સર્વેને પોતાના સ્વરૂપમાં પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવ્યાં. ૧/૮૧

**૨. બૃહદ્ ત્યાગ - વૈરાગ્યના ઈશ્કી નીલકંઠવર્ણી :**

૧. ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ. ૧/૧૦૫-૧૦૬
૨. જેનામાં વૈરાગ્ય કે પ્રભુ પ્રત્યે ભક્તિ ન હોય તે જ રિસાઈ ને કાયર થઈને ગૃહત્યાગ કરે. બરેલીની - પનિહારીઓને નીલકંઠનો જવાબ ૧/૧૧૦
૩. 'અનેક તીર્થોનાં અને બદરિકાશ્રમમાં નરનારાયણ ઋષિનાં દર્શન કરવા સારું અમે ગૃહત્યાગ કર્યો છે.' હરદ્વારમાં વિપ્રરૂપે આવેલા મહાદેવને નીલકંઠે ગૃહત્યાગનો જણાવેલો હેતુ. ૧/૧૧૨
૪. સાચા સાધુ કે ભકતે સ્વાદ તો ભગવાનની મૂર્તિનો જ લેવો - બદરીનાથના પૂજારીને ૧/૧૨૨
૫. તીર્થાટન તો પગે ચાલીને જ કરવું જોઈએ - નીલકંઠવર્ણી નરઋષિને ૧/૧૨૬
૬. મારે માતા-પિતા કે ભાઈ-ભાભી, ભાંડુ કોઈ નથી. હું તો એકલો જ ફરું છું. - હલવાઈની માને. ૧/૧૩૬,૧૩૭
૭. 'એ તો નિર્લેપ છે, નિરંજન છે, નિર્વિકારી છે અને અક્ષયસુખના દાતા છે'. - વંશીપુરના રાણી ૧/૧૪૨
૮. તપ, બ્રહ્મચર્ય, ભક્તિ અને ધર્મની પ્રબળતાથી નીલકંઠે અભિચાર પ્રયોગથી મૂર્છિત ગોપાળદાસને ઉઠાડ્યો. ૧/૧૮૬

૯. જગન્નાથપુરીના રાજાને ‘અમારે ત્યાગીઓને વળી મહેલો શા ? રાજમહેલના ભોગો અમને ખપે નહિ. ૧/૨૨૦
૧૦. ‘અમે કોઈના બંધનમાં આવીએ એવા નથી’. નીલકંઠવર્ણી સેવકરામને. ૧/૨૩૨
૧૧. શિવાશા અને ગોવિંદ શેઠને પોતાની રુચિ સમજાવતાં કહ્યું, ‘સ્વાદનો વિચાર કરીએ.. સ્વરૂપમાં ન જોડાય.’ ૧/૨૫૨
૧૨. ભરૂચમાં ગુલાબસિંહને નીલકંઠમાં બૃહદ વૈરાગ્ય દેખાયો. ૧/૨૫૬
૧૩. મહુવામાં લક્ષ્મીનારાયણના મંદિરના મહંત બાવા બાલકદાસને નીલકંઠવર્ણીની અયાચક વૃત્તિમાં વૈરાગ્યનો ભાવ દેખાયો. ૧/૨૯૩
૧૪. જમવું એ પ્રાણના પોષણ માટે છે. તપસ્વીને ભોગ ખપે નહિ. ૧/૩૦૪,૩૦૫

**૩. વનવિચરણ દરમ્યાન જન સમુદાય પર શ્રીહરિનો પ્રભાવ :**

૧. નૈમિષારણ્ય સરોવર પર તપ કરતા ઋષિઓ.‘અનંત અવતારો થયા પણ એહી સમ કોઉ ન ભયે અબ ’ - ‘આપના આ અવતાર જેવો હજુ કોઈ અવતાર પૃથ્વી ઉપર થયો નથી.’ ૧/૧૦૮
૨. સહેજાપુરના લોકોને પ્રતીતિ - નદીના પ્રચંડ વેગની જેમ મનની વૃત્તિઓના વેગને શાંત કરી દે એવા મહાપુરુષ. ૧/૧૦૮
૩. બરેલીમાં નીલકંઠે તુલસીદાસના પદો ગાતાં લોકો તેમના સૂરના તથા સ્વરૂપના માધુર્યમાં ખેંચાયા - નીલકંઠના ઉપદેશની લોકો પર અસર. ૧/૧૦૯ થી ૧૧૦
૪. વિપ્ર વેશે આવેલ શિવ-પાર્વતી પર પ્રભાવ. ૧/૧૧૨ થી ૧૧૩
૫. કુબ્જામ્રક તપોવનમાં તપ કરતા ઋષિઓને પ્રતીતિ-પરબ્રહ્મ પરમાત્મા વર્ણીરૂપે તેમને દર્શન દે છે. ૧/૧૧૪ થી ૧૧૫
૬. શ્રીપુર મઠના મહંત લાખ રૂપિયાની આવકવાળો મઠ નીલકંઠને અર્પણ કરવા તૈયાર. ૧/૧૧૬ થી ૧૧૯
૭. બદરીનાથ મંદિરના પૂજારીની ચિત્તવૃત્તિ આકર્ષાઈ તથા અંતરમાં થયેલ અનુભવ. ૧/૧૨૧ થી ૧૨૪
૮. પંજાબના રાજા રણજિતસિંહની નીલકંઠના સ્વરૂપમાં સ્થિર દ્દષ્ટિ તથા સ્તુતિ. ૧/૧૩૧ થી ૧૩૨
૯. હરૈયા ગામના કંદોઈની માતા તેમજ ગામના લોકોએ નીલકંઠમાં ઈશ્વરત્વનું, તપનું , બ્રહ્મચર્યનું ઓજસ્ નિહાળ્યું. ૧/૧૩૫ થી ૧૩૭
૧૦. વંશીપુરના રાજા, રાણી, પુત્રીઓ તેમજ મહેલના સર્વે પર પ્રભાવ. રાણીના ઉદ્ગાર ‘એ તો નિર્લેપ, નિરંજન, નિર્વિકારી, અક્ષયસુખના દાતા સ્વયં પરમાત્મા છે.’ ૧/૧૪૨
૧૧. હિમગિરિની તળેટીના પ્રદેશનો રાજા તેમજ વૈરાગીઓની જમાત-નીલકંઠમાં સાક્ષાત્ શ્રીહરિના દર્શન. ૧/૧૫૧થી ૧૫૩
૧૨. મોહનદાસે વર્ણીનું સ્વરૂપ નિહાળ્યું અને અંતરમાં વારંવાર પ્રગટ થતા ત્રણ ગુણના ભાવ શમી ગયા. ૧/૧૫૯ થી ૧૬૧
૧૩. બુટોલનગરના રાજા મહાદત્ત તેમના બહેન માયારાણી - બીજા વૈરાગીઓ કરતાં જુદા જ નીલકંઠ જણાયા. ૧/૧૬૬
૧૪. ગોપાળયોગી પર પ્રભાવ. ૧/૧૭૧ થી ૧૭૩
૧૫. સિરપુરમાં સિદ્ધ વલ્લભરાજાની વૃત્તિઓ નીલકંઠના દર્શનથી શાંત થઈ ગઈ. ૧/૧૮૨ થી ૧૮૮
૧૬. ક્ષુદ્ર દેવ-દેવીઓનો ઉપાસક પિબૈક નીલકંઠને વશ થઈ ગયો. ૧/૧૯૩ થી ૧૯૭
૧૭. નવલાખ યોગીઓ : આપની મોટાઈને સમજવા માટે અમે આ તપ કરીએ છીએ. આપની આગળ તો અમે ક્ષુદ્ર છીએ. ૧/૧૯૭ થી ૨૦૦
૧૮. જયરામદાસને નીલકંઠનો સંબંધ થાય છે. જયરામદાસ તેની બહેનો અને તેના પરિવાર પર પ્રભાવ. ૧/૨૦૨
૧૯. જગન્નાથપુરી (પુરુષોત્તમપુરી) મંદિરનો પૂજારી નીલકંઠની ભક્તિથી પ્રભાવિત થયો. ત્યાંના લોકોને આકર્ષણ - રાજાએ પણ નીલકંઠને ગુરુ તરીકે સ્વીકાર્યા. ૧/૨૧૨ થી ૨૧૫
૨૦. માનસપુર નગરના બગીચાના માળી નીલકંઠને ‘‘ભલે પધાર્યા પ્રભુ, હું આપની જ રાહ જોતો હતો.’’રાજા સત્રધર્માને પણ લાગ્યું કે કાં તો શિવજીમાં આવી યોગસિદ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય. ૧/૨૨૩ થી ૨૨૫
૨૧. બાજીરાવ પેશ્વાના દીવાન બાપુ ગોખલે તેમજ તેમના માળી-બાપુ ગોખલેને વર્ણીના દર્શનથી શાંતિ - વર્ણીની કૃષ્ણ ભક્તિના ફળરૂપે સાક્ષાત્ કૃષ્ણ પ્રગટ થયા હોય તેવો અનુભવ થયો. ૧/૨૪૬ થી ૨૪૮
૨૨. બુરાનપુરના ગોવિંદ શેઠ અને શિવાશાને નીલકંઠવર્ણીમાં ગોપાલની પ્રતીતિ આવી. તેથી પોતાને ઘેર પધરામણી કરાવી. નીલકંઠમાં નિ:સ્વાદીપણું જોઈ ખૂબ ભાવ થયો. ૧/૨૫૦ થી ૨૫૨
૨૩. પીપળી ગામના ક્ષત્રિય ગુલાબસિંહને નીલકંઠ જુદા જણાયા. બીજા સંતો-મહંતો કરતાં તેમનામાં નવીનતા જણાઈ. તેમની જમવાની રીતે, ત્યાગની છટા, બૃહદ્ વૈરાગ્ય, જગત પ્રત્યે વિરક્તિ અને ભગવાન પ્રત્યે ભક્તિ આ બધું ખૂબ નિરાળું હતું. ૧/૨૫૬-૨૫૭
૨૪. વડોદરામાં મુમુક્ષુઓને તેમનામાં દૈવી વિભૂતિનો ભાસ થયો. અમીચંદ વણિકને ખૂબ ભાવ થયો. વર્ણીના મુખારવિંદમાંથી અનંત સૂર્યનો પ્રકાશ નીકળતો હોય તેવી જ્યોત તેને જણાઈ. ૧/૨૫૯ થી ૨૬૧
૨૫. નાવલી ગામના પાટીદાર ભક્ત લાલદાસને અલૌકિકતા જણાઈ નીલકંઠના દર્શન થતાં જ જન્મજન્માંતરની કોઈ અતૃપ્ત ઇચ્છા આજે જાણે તૃપ્ત થઈ. ૧/૨૬૨-૨૬૩

૨૬. બામણગામના ખોડા પંડ્યાને નીલકંઠ નિરાળા તપસ્વી જણાયા. તેમનું નામ દઈને નીલકંઠ બોલ્યા તેથી પંડ્યાને આશ્ચર્ય - સાક્ષાત્ પરમેશ પધાર્યાની પ્રતિતી થઈ. ૧/૨૬૩-૨૬૪

૨૭. ઉમરેઠમાં નરભેરામ દવે તથા રૂપરામ ઠાકરે નીલકંઠને જોયા. નીલકંઠના શરીરમાં તપ, માથા પર શિવની જટા, આંખોમાં હરિની વત્સલતા જણાઈ તેમની વૃત્તિ નીલકંઠમાં ખેંચાઈ. ૧/૨૬૫- ૨૬૬

૨૮. વડતાલમાં જોબનપગીએ દૂરથી જ વર્ણીને જોયા. નીલકંઠના તપનો, નૈષ્ઠિક બ્રહ્મચર્યનો, અનંત કલ્યાણકારી ગુણોનો પ્રભાવ તેના પર જણાયો. નિર્દોષોને નિર્દયતાથી રહેંસી નાંખતા પણ ન ધ્રૂજનારા હાથ આજે ધ્રૂજતાં ધ્રૂજતાં નીલકંઠને જોડાઈ ગયા. ૧/૨૬૬ થી ૨૬૮

૨૯. બોચાસણમાં નીલકંઠની તેજસ્વી પ્રતિભાનો ગામના પાટીદારોને ખ્યાલ આવી ગયો. મુખી કાનદાસ પટેલ, પુત્ર કાશીદાસ, નાનીબા વગેરે પ્રભાવિત - મનુષ્યમાં કદાપિ ન કલ્પેલી દિવ્યતા નિહાળી. ૧/૨૬૮

૩૦. ગોરાડ ગામમાં બીજલ કોળી - નીલકંઠે તેના કૂવામાં તુંબડી ધરી અને પાણી ઊંચે આવ્યું. આ મહાપુરુષ ગામમાં રોકાય તો ગામની સ્થિતિ સુધરી જાય તેવો વિચાર તેને આવ્યો. ૧/૨૭૬-૨૭૭

૩૧. વડગામની પનિહારીઓએ વર્ણીની મૂર્તિ નિહાળી. વર્ણીની કૃશ કાયા છતાં તેજસ્વી મુખારવિંદ જોઈને તેમની ભાવોર્મિઓ જાગ્રત થઈ. ૧/૨૭૮

૩૨. શિકોતરને આરે લાખા કોળીને નીલકંઠમાં કિરતારના દર્શન - આજે તમે મને ખરો માણસ બનાવ્યો - માનવીના ધર્મ હું ચૂક્યો હતો. ૧/૨૭૯

૩૩. ધોલેરામાં ક્ષત્રિય ભક્ત તથા ગોરાસુનાગોંસાઈને અલૌકિ જણાયા. ૧/૨૮૨

૩૪. કુંભાર રાણા બાવળોજ ને - અંધારામાં વીજળી ઝબકી ગઈ. ૧/૨૮૩

૩૫. પોલારપુરમાં જેઠા બનાણી. ૧/૨૮૩

૩૬. ભાવનગર ધર્મશાળાના મહંત. ૧/૨૮૪

૩૭. કુકડમાં દરબારનો કામદાર ચતુર હતો. તેણે વર્ણીને ઓળખ્યા. દરબાર ભગવાનસિંહજી સાથે નીલકંઠનાં દર્શને. દરબારમાં પધારવા આમંત્રણ. ૧/૨૮૫-૨૮૬

૩૮. દીહોરમાં મૂળજી ભાવસાર તથા તેનાં માતુશ્રી. ૧/૨૮૬

૩૯. લાકડિયાનો ખોજા પ્રેમજી ઠક્કર. ૧/૨૮૭

૪૦. પીપરલાના વિપ્રે શિવજીનું તપ અને કાર્તિક સ્વામીનો વૈરાગ્ય નીલકંઠમાં નિહાળ્યા. વિપ્રની ભાવના : ઘણા અન્નાર્થીઓ જમાડ્યા છે તેમાં કોઈ સત્કર્મી જમી ગયો હશે. તેના ફળ સ્વરૂપે આજે સાક્ષાત્ મહાદેવ પધાર્યા છે. ૧/૨૮૮

૪૧. મોટા ગોપનાથ મંદિરના મહંત નૃસિંહાનંદજીનો નીલકંઠને પાંચ દિવસ રોકાવાનો આગ્રહ. ૧/૨૮૯

૪૨. ગોપનાથમાં મુમુક્ષુ જાનબાઈના અંતરમાં શાંતિનો શેરડો. ૧/૨૯૦

૪૩. કતપરમાં પીતાંબર શેઠે - વર્ણીમાં અદ્ભુત ક્રાંતિ જોઈ. ૧/૨૯૧-૨૯૨

૪૪. ગુપ્તપ્રયાગમાં ભના પાઠક નીલકંઠ વર્ણીની પ્રતિભાથી આકર્ષાયા અંતરની આંખે ઓળખ્યા. ૧/૨૯૭

૪૫. લોઢવામાં લખુ ચારણે વર્ણીને ત્રણ મહિના રાખી સેવા કરી. નીલકંઠે જ્યારે નાશવંતપણાનું જ્ઞાન આપ્યું ત્યારે જ્ઞાન થતાં જ હાથ જોડીને આપે મારા જ્ઞાનના અહમ્‌ને ઓગાળ્યો. આપ મને અવિચળ પદ આપો. ૧/૨૯૮ થી ૩૦૦

૪૬. ભલકાતીર્થમાં વિપ્રને કૃષ્ણ સ્વરૂપે દર્શન - નીલકંઠના જમણા ચરણમાં નવ ચિહ્નો જોયાં. - ‘મહારાજ ! આપે મને ન્યાલ કરી દીધો.’ ૧/૩૦૦

૪૭. દામોદર કુંડના પૂજારીને વર્ણીને દર્શન કરવામાં તન્મય જોઈને ભક્તિભાવ ઊપજ્યો. - ખંડેર દેરીમાં નીલકંઠ તપ કરતા હતા. તેમની સન્મુખ વાઘ આવીને બેઠો અને નીલકંઠની પ્રદક્ષિણા કરીને ચાલ્યો ગયો. પૂજારીએ આ જોયું અને તેને બ્રહ્મચારીના સત્‌થી પશુમાં સત્ પ્રગટયું તેની પ્રતીતિ થઈ. હિંસક પ્રાણી અહિંસક બન્યું. તેણે નીલકંઠની ખૂબ ભાવથી સેવા કરી. ૧/૩૦૧-૩૦૨

૪૮. દત્તાત્રેયની ટૂકે તપસ્વી બાર વર્ષથી તપ કરતા હતા. તેને દત્તપ્રભુના દર્શન કરવાની ઈચ્છા હતી. નીલકંઠે તેને સાક્ષાત્ ગુરુદત્તના સ્વરૂપે દર્શન આપ્યા. તપસ્વી વર્ણીના પગમાં પડ્યો. ૧/૩૦૩-૩૦૪

૫૦. જૂનાગઢમાં હાટકેશ મંદિરે દર્શન કરવા આવેલ નાગર ભક્તે વર્ણીમાં પરમાત્મતત્ત્વ પીછાણ્યું. નીલકંઠનું કાંતિમય સ્વરૂપ અંતરમાં ઊતરી ગયું. રાત્રે સ્વપ્નમાં વર્ણીએ શિવજીરૂપે દર્શન દીધાં. ૧/૩૦૪

૫૦. પીપલાણામાં નરસિંહ મહેતાએ નીલકંઠને ઓળખી લીધા. તેમને વર્ણી પુરુષોત્તમ સ્વરૂપે દેખાયા. અનંત બ્રહ્માંડના અધિપતિઓ આ પુરુષોત્તમનારાયણની સ્તુતિ કરતા તેને દેખાયા. પાછા આ સ્વરૂપો તેમનામાં લીન થયેલ દેખાયા. પરમાત્માનું દિવ્ય સુખ યુગોયુગ સુધી ભોગવ્યું હોય તેવી આનંદની ઊર્મિઓ મહેતાના મુખ પર પ્રસરી રહી. ૧/૩૦૫ થી ૩૦૭

૫૧. લોજમાં વાવના કાંઠે આવેલ પનિહારીઓ પર પડેલો નીલકંઠનો પ્રભાવ. ૧/૩૧૩

૫૨. લોજમાં આશ્રમના સંત સુખાનંદ સ્વામીની વૃત્તિઓ નીલકંઠના સ્વરૂપમાં ખેંચાઈ ગઈ. નીલકંઠના નેત્રમાં ચમક હતી. અંતરના અંધારાને ભેદીને તેમાં સૂતલા અંતર્યામીને જગાડવાની તાકાતથી સુખાનંદ સ્વામી પ્રભાવિત થઈ ગયા. ૧/૩૧૩ થી ૩૧૬

૫૩. લોજ આશ્રમના સંતો તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું ''આ વર્ણી કોઈ અતિથિ નથી. કોઈ વિભૂતિ છે. વર્ણીના અનેક ઐશ્વર્યોથી મુક્તાનંદ સ્વામી તથા સંતો પ્રભાવિત. ૧/૩૧૬

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય :**

૧. રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે સભા - 'હવે પ્રગટ સ્વામિનારાયણનું ભજન કરજો.' ૧/૩૮૭,૩૮૮

૨. એક સંત દ્વારા 'સ્વામિનારાયણનું ભજન શાથી ?' તે પ્રશ્નનો જવાબ નીલકંઠ દ્વારા ૧/૩૮૮

૩. સ્વામિનારાયણ શબ્દની વ્યુત્પત્તિની સમજૂતી. ૧/૩૯૦

**૨. ઉત્તરાખંડમાં નીલકંઠવર્ણી :**

૧. સ્વજનોને મારા કુશળ સમાચાર આપજો. ૧/૧૦૪

૨. તીર્થોમાં ફરતા ફરતા શ્રાવણ સુદ એકાદશીએ હરિદ્વાર આવ્યા. ૧/૧૧૧

૩. હરદ્વારમાં શિવ-પાર્વતીએ કરેલી સેવા. ૧/૧૧૨ થી ૧૧૫

૪. હરદ્વારથી કુબ્જાપ્રક સ્થાનમાં ધ્રુવજીના આશ્રમે પધાર્યા, વનમાં તપ કરતા યોગીઓને દસ દિવસ લાભ આપ્યો. ૧/૧૧૫

૫. લક્ષ્મણઝૂલા થઈને શ્રીપુર પધાર્યા. ગામની બહાર આવેલા મઠના ઓટલે નિવાસ - કેસરીસિંહનું આગમન - મઠાધિપતિ તરફથી અર્પણ કરેલા મઠનો અસ્વીકાર કરી આગળ ગુપ્તકાશી ગયા. ૧/૧૧૭ થી ૧૧૯

૬. ગુપ્ત પ્રયાગ થઈ ત્રિયુગી નારાયણ થઈને કેદારનાથ પધાર્યા. ૧/૧૧૯ થી ૧૨૦

૭. બદરીનાથથી હિમગિરીમાં નરનારાયણના આશ્રમ બદરીવનમાં ગયા. ૧/૧૨૧ થી ૧૨૨

૮. માન સરોવરના હંસો પાસે થઈ પુનઃ બદરીનાથ થઈ હરિદ્વાર. ૧/૧૩૦ થી ૧૩૧

> ☞ **નોંધ : ઉત્તરે હિમાલયમાં ફરેલા સ્થળોના નામ જ અહીં આપ્યા છે. તે સ્થળોની કઠિનતાનું વર્ણન પરીક્ષાર્થી ઉપર છે.**

**૩. મુક્તાનંદ સ્વામીને કાલવાણીમાં પ્રતીતિ :**

૧. મુક્તાનંદ સ્વામી શ્રી હરિને ઠપકો આપવા આવે છે. ૧/૪૪૧

૨. સંતદાસને સમાધિ - રામાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામીને સંદેશો. ૧/૪૪૩

૩. કાલવાણી ખાખરાના વનમાં મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીના દર્શન. ૧/૪૪૪

૪. મુક્તાનંદ સ્વામીનું પરિવર્તન. ૧/૪૪૪

૫. જય સદ્‌ગુરુ સ્વામી..... આરતીનો જન્મ. ૧/૪૪૫

૬. આ જ્ઞાન થયું તે જ સમાધિ ....... મયારામ ભટ્ટને મુક્તાનંદ સ્વામીનો જવાબ. ૧/૪૪૬

**૪. જગન્નાથપુરીમાં નીલકંઠે કરેલ અસુરોનો નાશ :**

૧ રાજાની પ્રાર્થનાથી નીલકંઠ જગન્નાથપુરીમાં - રાજા તથા પ્રજાને અને ભાવિકો પ્રત્યે સદ્‌ભાવ - અબાલવૃધ્ધ સૌને પ્રેમ - જગન્નાથજીના દર્શનની અનુભૂતિ. ૧/૨૧૪

૨ નીલકંઠ પ્રત્યે સૌની આવી ભક્તિ જોઈ સરોવર પર અડ્ડા નાખી બેઠેલ બાવાઓનો રોષ. ૧/૨૧૫

૩ કેટલાક બાવાઓ ત્રાસ આપતા - કેટલાક બાવા નીલકંઠનો પક્ષ લેતા. અંદરો અંદર ચકમક - ભાજી તોડવાની બાવા તરફથી આજ્ઞા - ભાજીમાં જીવ હોવાથી નીલકંઠનો ઈન્કાર.- બાવાઓ દ્વારા અંદર અંદર પક્ષાપક્ષી ઘોર યુધ્ધ ૧/૨૧૮

૪ રાજાનું લશ્કર ત્યાં આવ્યું - લશ્કર દ્વારા બાવાઓનો સંહાર - અન્યથા કર્તુ શક્તિથી અસુરોનો નાશ. ૧/૨૨૦

❑ ❑ ❑